સમીર પાલેજા

# રેસ્ટોરાંનું ચટાકેદાર ડિઝાઈનિંગ

જાણીતા ફિલ્મ પરિવારમાંથી આવતી **મિની ભટ્ટે** રેસ્ટોરાંના ઈન્ટિરિયર ડિઝાઈનિંગમાં નામ કાઢ્યું છે. કેવા છે એના ડિઝાઈનિંગ ફંડા?



દીપક ધુરી

નામ એનું મિની ભટ્ટ.

એ મુંબઈની એચઆર કૉલેજમાં ભણતી. ભણતર પૂરું કર્યા પછી આશરે બે દાયકા બાદ આજે એણે રેસ્ટોરાં ડિઝાઈનિંગમાં નામ કાઢ્યું છે. એનો ભટ્ટપરિવાર મૂળ સુરતનો, પણ એના પપ્પા મુંબઈમાં હિંગના મોટા વેપારી બન્યા. પેઢીનું નામ *લાલજી ગોધુ*, જે ૧૦૦ વર્ષ જૂની છે.

મુંબઈના હીરાનંદાની-પવઈ વિસ્તારની અત્યંત લોકપ્રિય રેસ્ટોરાં *મિરચી ઍન્ડ માઈમ*માં એક નિરાંતવી બપોરે મિની અમને મળે છે. આ રેસ્ટોરાંની ડિઝાઈનર પણ મિની જ છે. મુંબઈની *આઈઆઈટી*થી એકદમ નજીક આવેલી આ રેસ્ટોરાં કૉલેજિયન્સ, ફૅમિલી તથા બિઝનેસ પીપલ્સથી ભરેલી છે. મિની ભટ્ટ *પ્રિયદર્શિની*ને કહે છેઃ

'રેસ્ટોરાંના ઈન્ટિરિયર ડિઝાઈનિંગમાં સૌથી મહત્ત્વનું એ છે કે એના નામને અનુરૂપ ડિઝાઈન બનવી જોઈએ. પછી આવે કૉન્સેપ્ટ. રેસ્ટોરાં ઈન્ડિયન હોય, પણ એનો લુક ઈન્ટરનૅશનલ હોઈ શકે. ડિઝાઈન એવી હોવી જોઈએ, જે તમારી બ્રાન્ડ આઈડેન્ટિટી પણ જાળવી રાખે.'

વિસ્તારથી સમજાવતાં મિની ભટ્ટ ઉમેરે છે કે રેસ્ટોરાંનું ટાર્ગેટ ઑડિયન્સ એટલે કે ફૅમિલી, યૂથ કે બિઝનેસમેનને ખયાલમાં રાખીને એમાં મોકળાશ રાખવી પડે, જેમ કે યુવાનો વધુ આવતા હોય એની બેઠકવ્યવસ્થા કૉમ્પેક્ટ ચાલે, પણ ફૅમિલી માટે એ સ્પેશિયસ જોઈએ. વેઈટરને અવરજવરમાં સુગમતા રહે એ માટે સર્વિસ પેસેજની જગ્યા છોડવી પડે. તંદૂરની જગ્યા ઓપન રાખીને નોખી ફીલ આપી શકો.

દાખલો આપતાં મિની કહે છેઃ 'દરેક રેસ્ટોરાંની પોતાની સ્ટોરી હોય. જુહૂમાં મેં *ફેબલ* નામની રેસ્ટોરાં ડિઝાઈન કરેલી. હકીકતમાં એનું નામકરણ પણ મેં જ કરેલું. સ્ટોરી'ઝ-બુક્સનો કૉન્સેપ્ટ રાખ્યો છે એટલે ડેકોરમાં બુક્સ એક મહત્ત્વનું એલિમેન્ટ છે. આવી જ રીતે કોઈ બાર કમ રેસ્ટોરાંના ઈન્ટિરિયરમાં વહાણના દારૂના પીઠા જેવો દેખાવ આપી શકાય. નકામા રેફ્રિજરેટરને ખુલ્લું રાખીને એમાં પુસ્તકો કે બીજું કંઈ ભરી શકાય.'

સુશોભન તરીકે ઉપયોગી થતા કળાના નમૂના મેળવવા માટે મિનીએ ઘણા સોર્સ ઊભા કર્યા છે. ખાસ તો એ નિયમિત મુંબઈના ચોરબજારમાં જઈને ઈન્ટરેસ્ટિંગ-ઍન્ટિક પીસ લઈ આવે છે. ડિઝાઈનિંગમાં લાઈટની વ્યવસ્થા પણ આવી જાય. મિની કહે છે કે રેસ્ટોરાંમાં એના થીમ મુજબની તેજ કે ઝાંખી પ્રકાશવ્યવસ્થા ચાલે, પણ ટેબલ પર તો તમે મેનુ વાંચી શકો એટલી લાઈટ હોવી જ જોઈએ.

મિની હાલમાં એકસાથે નવ રેસ્ટોરાંનું ઈન્ટિરિયર કરી રહી છે. અગાઉ એણે પચ્ચીસેક રેસ્ટોરાં ડિઝાઈન કરી છે, જેમાં દિલ્હીની *બર્માબર્મા*, ચેન્નઈની *કૈલાશ પર્વત* તથા અમદાવાદની એક અને બેંગલુરુની બે રેસ્ટોરાં સામેલ છે. એની સૌથી પહેલી રેસ્ટોરાં હતી જુહૂની પ્રસિદ્ધ *સિલ્વર બીચ કૅફે*. એ કહે છેઃ 'એક ફ્રેન્ડ એ રેસ્ટોરાં શરૂ કરી રહ્યો હતો એટલે એણે મને સલાહ માટે બોલાવી. *સિલ્વર કૅફે* માટે મેં કરેલું ડિઝાઈનિંગ ખાસ્સું વખણાયું અને માઉથ પબ્લિસિટીથી બીજા કૉન્ટ્રાક્ટ મળવા માંડ્યા. મારે ક્યાંય પ્રચાર કરવા જવું પડ્યું નથી.'

કૉલેજ પૂરી કરીને જાણીતા ડિઝાઈનર સુનીલ જસાની માટે કામ કરનારી મિની ભટ્ટે નવ વર્ષ પહેલાં લોઅર પરેલમાં *મિની ભટ્ટ ડિઝાઈન*ના નામે સ્વતંત્ર ફર્મ શરૂ કરી. શરૂમાં ઘર-ઑફિસ,

શો-રૂમ ને પછી મોટા બંગલાનું ઈન્ટિરિયર પણ એને મળવા માંડ્યું. એક ક્લાયન્ટ માટે એણે મુંબઈ તથા સિલ્વાસાનાં ઘર ડિઝાઈન કર્યાં ત્યારે એ ભાઈ એની પાછળ પડી ગયા કે *વૃંદાવનમાં અષ્ટસખી મંદિરનું નવું ડિઝાઈનિંગ પણ તારે જ કરવું પડશે, ભલે અનુભવ ન હોય..!*

મિની ભટ્ટે એ પડકાર ઝીલી લીધો. આગ્રા, જયપુર અને મકરાણા જઈને એ મટીરિયલ લઈ આવી. મુંબઈથી કારીગર લઈ ગયેલી, પણ નકશીકામ માટે ઉદયપુરથી ખાસ કસબી બોલાવ્યા. એ પોતે કેટલીય વાર દિવસો સુધી વૃંદાવન રહી અને છેવટે ૪૦૦ વર્ષ જૂના એ મંદિરનું કામ એક વર્ષમાં પૂરું કર્યું. પછી તો ગુરગાંવમાં શીતળા માતાના મંદિરનું કામ પણ હાથમાં લીધું. જો કે કોઈક કારણસર હમણાં એ કામ બંધ છે.



**મિની ભટ્ટ:** રેસ્ટોરાંના ડિઝાઈનિંગમાં બ્રાન્ડ આઈડેન્ટિટી જળવાવી જોઈએ.

મિની ભટ્ટ અહીં એક વાત કબૂલે છે કે ઈન્ટિરિયરના ક્ષેત્રમાં ૧૮ વર્ષ પહેલાં એણે કામ શરૂ કર્યું ત્યારે મહિલા ડિઝાઈનર ઓછી હતી અને કારીગરો સાથે માથાફોડી કરવી અઘરી હતી. હવે જો કે એવું નથી અને કૉન્ટ્રાક્ટરો પણ મહિલા ડિઝાઈનરનું માન રાખે છે તથા કારીગરો પણ અભદ્ર ભાષાનો ઉપયોગ ટાળે છે.

મિનીને એના કામમાં મદદ કરવા બાર જણનો સ્ટાફ છે. પપ્પા પણ વેપારમાંથી નિવૃત્ત થયા પછી મિનીની મદદમાં હોય છે. મમ્મી પાંચેક વર્ષ પહેલાં અવસાન પામ્યાં. મિની હજી સિંગલ છે અને કાકા-કાકી સહિતના સંયુક્ત કુટુંબમાં રહે છે. મિની ભટ્ટ મૂળે ફિલ્મી પરિવારમાંથી આવે છે. એના નાના વિજય ભટ્ટે *બૈજુ બાવરા, રામ રાજ્ય, હિમાલય કી ગોદ મેં,* વગેરે જેવી સુપર હિટ ફિલ્મો આપેલી. એના મામા અરુણ ભટ્ટે *પૂજાનાં ફૂલ* અને *મોટા ઘરની વહુ* જેવી ગુજરાતી ફિલ્મો બનાવી હતી. બીજા મામા પ્રવીણ ભટ્ટ ફિલ્મસર્જક મહેશ ભટ્ટના માનીતા સિનેમેટોગ્રાફર હતા. પ્રવીણભાઈનો પુત્ર વિક્રમ ભટ્ટ પણ જાણીતો ડિરેક્ટર છે.

*તો તો તેં ફિલ્મી હસ્તીઓનાં ઘર પણ ડિઝાઈન કર્યાં હશે ને?*

આ પ્રશ્નના ઉત્તરમાં મિની કહે છે: 'બ્રિચ કેન્ડી પર રોની સ્ક્રૂવાલાનું ઘર તથા જુહૂમાં મોરાની બ્રધર્સનાં ઘર મેં જરૂર ડિઝાઈન કર્યાં, પણ એ કૉન્ટ્રાક્ટ ફિલ્મી કનેક્શનથી નહીં, મારી પોતાની આવડત પર મેળવેલા.'

*એવું કયું કામ છે, જે તને કરવાની બહુ ઈચ્છા હોય?*

સ્માઈલ સાથે મિની કહે છે: 'ઘર-ઑફિસ ને રેસ્ટોરાં ખૂબ કર્યાં. હવે કોઈ રિસોર્ટની ડિઝાઈન કરવી છે!' ■


